જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/03/૨૦૧૮ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૯૩/૧૮**

**ફોરવ્હીલ ગાડી માંથી બેગ ઉઠાંતરી કરતી ગેંગના એક ઇસમને પાટણ જીલ્લામાં ફોરવ્હીલ ગાડી માંથી રોકડા રૂપિયા ભરેલ બેગની ઉઠાંતરી કરવામાં ઉપયોગમાં લીધેલ હોન્ડા મોસા સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર તથા ગુજરાત રાજ્યમાં જુદાદ્જુદા શહેરોમાં ફોરવ્હીલ ગાડીઓમાંથી રોકડા રૂપિયા કે દરદાગિનાઓ ભરેલ બેગોની ચોરી ના બનાવો સંબધી ગુન્હાઓ કરતા આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પોસઇશ્રી એસ.જે.જાડેજા તથા શ્રી એસ.બી.દેસાઇ શ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફનાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે આરોપી લક્ષ્મણ S/O કૃષ્ણા રતનવેલ જાતે આચારી ઉ.વ.૫ર રહે. હાલ:- કેકાડી વાસ, માતાજીના મંદિર પાસે, કુબેરનગર, નરોડા-પાટિયા અમદાવાદ શહેર તથા મ.નં.૨૨૦, હનુમાન મંદિર પરિસર, બાંન્દ્રા પાડા, અમરનાથ પશ્ચિમ, તા.અમરનાથ જી. ઠાણે, મહારાષ્ટ્ર મુળગામ:- પોલુર, તા. કાટપાડી વેલુર, જી.વેલુર તમીલનાડુ નાઓને તા.૧૦/03/૨૦૧૮ નારોજ અટક કરવામા આવેલ છે.

વીસેક દિવસ પહેલા પાટણ શહેરમાં ફોરવ્હીલ ગાડીમાંથી રોકડા રૂપિયા ભરેલ બેગની ઉઠાંતરી કરેલ ઇસમોની સીસીટીવી કુટેજ આધારે તપાસ કરવામાં આવતા સદરી ચોરી કરનાર ઇસમોએ હોન્ડા સાઇન મો.સા નં. GJ-01-EY-4136 નો ઉપયોગ કરવાનું જણાતા જે આધારે મોસા ના માલિકી અંગે તપાસ કરતા મો.સા ખરીદનાર ઇસમ અમદાવાદ કુબેરનગર કેકાડીવાસ ખાતે રહેતો હોવાની હકીકત મળતા અત્રે ક્રાઇમબ્રાન્ચ ની કચેરી ખાતે લાવી પુછપરછ કરતા પોતે તેની પત્નિ સાથે મહારાષ્ટ્ર, ઠાણે જીલ્લાનાં અમરનાથમાં રહે છે અને કપડાના વેપાર ધંધા અર્થે અમદાવાદ આવતો જતો હોય કુબેરનગર કેકાડીવાસમાં ભાડે મકાન રાખીને રહેતો હતો અને મહારાષ્ટ્ર ના અમરનાથ ખાતેના ઇસમો ગુજરાત રાજ્યમાં તેમજ અમદાવાદ શહેરમાં ફોરવ્હીલ ગાડીઓમાંથી કે બાઇકોમાંથી બેગની ઉઠાંતરી કરવા આવતા હોય તેઓને મોસા ની જરૂર પડતી હોય પોતાનું મોસા આપી કમિશન મેળવતો હતો અને વીસેક દિવસ પહેલા પાટણ શહેરમાં ફોરવ્હીલ ગાડીમાંથી રોકડા રૂપિયા ભરેલ બેગની ચોરી કરવા માટે પોતાનું મોસા આપી ત્રણ હજાર રૂપિયા કમિશન મેળવેલ જે ઇસમો ચોરી કરીને મહારાષ્ટ્ર ખાતે જતા રહેલ છે અને પોતે તેના નામ સરનામા નહી જાણતો હોવાનું જણાવતા હોન્ડા મોસા નં. GJ-01-EY-4136 ની કબ્જે કરવામાં આવેલ અને સદરી ઇસમને અટક કરી પાટણ એ ડિવીઝન પોલીસ સ્ટેશન માં સોંપવામાં આવેલ છે

**<u>નોકરીના સ્થળે અવર જવાર કરવા નારાયણી હોસ્પીટલમાંથી એકસેસ મો.સા ચોરી કરનાર ઇસમને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલ્કત સબંધી ઘાડ લુટના અનડીટેકગુન્હાઓમા સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ જે અનુસધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.પી.રોજીયા, તથા પોસઇશ્રી એસ.જે.જાડેજા, પોસઇશ્રી એસ.બી.દેસાઇ, પોસઇશ્રી આઇ.એસ.રબારી તથા સ્ટાફ્નાં માણસોને મળેલ બાતમી હકિક્ત આધારે આરોપી જીતેન્દ્ર ઉર્ફે શારદાપ્રસાદ S/O કેશવલાલ જાતે પાંડે ઉવ૩૫ રહે. મ.નં. ૭, ગજાનંદ નગર, સ્વામિનારાયણ સ્કુલ ની સામે, રાજપુર, ગોમતીપુર, અમદાવાદ શહેર મુળ ગામ- જોહન તા. બિકાપુર જી. ફૈઝાબાદ ઉતરપ્રદેશ નાઓને તા.૧૧/૦૩/૨૦૧૮ ના રોજ ગોમતીપુર કાળીદાસ ચાર રસ્તા પાસેથી ઝડપી પાડેલ છે.

સદરી ઇસમની પુછપરછ કરતાં જણાવેલ કે પોતાની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય અને નોકરીએ આવવા જવા માટે વાહન ની જરૂર હોય વાહન ખરીદે શકુ તેમ ન હોય તેમજ છેલ્લા આંઠેક વર્ષ થી પોતાને ડીપ્રેશન ની દવા ચાલતી હોય જે દવાથી કોઇ અસર ન થતા ત્રણેક મહિના પહેલા પોતે નારાયણી હોસ્પીટલ ખાતે ડોકટરની તપાસ માટે ગયેલ અને બપોરના દોઢ બે વાગે હોસ્પીટલ માં પાર્કિંગ તરફ આવતા એકસેસ ગાડીની ચાવી ભરાવેલ પાર્ક કરેલ હોય તેની ચોરી કરી લીધેલ અને બે ત્રણ દિવસ પછી નંબર પ્લેટ ઉપર થી અસલ આર.ટી.ઓ નંબર ભુસી નાખેલ અને તેમા બીજો નંબર લખાવી લીધેલ અને તેનો પોતે ઉપયોગ કરતો હોવાનુ જણાવેલ જેથી સદરી ઇસમને રખીયાલ પોલીસ સ્ટેશનના ગુન્હામા સોપવા તજવીજ કરવામા આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.